અપીલ અરજી નં.૧૭૭ તા.૧૭–૯–૦૮

અરજદારઃ શ્રી શરદભાઈ એકનાથભાઈ સેલાર
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શરદભાઈ એકનાથભાઈ સેલારની તા.૭–૭–૦૮ ની અરજીથી ઉધના મજુરા ટી.પી.સ્કીમ નં.૧ ફા.પ્લોટ નં.૪૫ નો આજ સુધી હેતુફેર અંગેની કાર્યવાહી તેમજ ફાઈનલ પ્લોટ નં.૪૫ માં બનતા શોપિંગ સેન્ટરના મંજુર થયેલ પ્લાન વિષે તેમજ તે શોપિંગમાં એલોટ થયેલ દુકાન હોલ્ડર તેમજ ફલેટ હોલ્ડરો તમામના નામ સરનામા તેમજ તમામ હોલ્ડરો ધ્વારા આજદિન સુધી કોણે કેટલી રકમ ભરપાઈ કરી તે વિશે અને ફાઈનલ પ્લોટ નં.૫૪ જેનો રેવન્યુ સર્વે નં.૨૭૫ કે જે નામે રામદેવ નગર તેમાં આવેલ પ્લોટ નં.૪ થી ૧૧ ના પ્લોટ હોલ્ડર ના નામ નગર પંચાયત દફતરે કઈ કઈ તારીખે ચઢાવવામાં આવેલ અને તેમના નામો ચઢાવવા માટે રજુ કરેલ પુરાવાઓની નકલ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૭/૨૦૦૮–૦૯

શ્રી શરદભાઈ એકનાથભાઈ સેલારની તા.૭–૭–૦૮ ની અરજીથી ઉધના મજુરા ટી.પી.સ્કીમ નં.૧ ફા.પ્લોટ નં.૪૫ નો આજ સુધી હેતુફેર અંગેની કાર્યવાહી તેમજ ફાઈનલ પ્લોટ નં.૪૫ માં બનતા શોપિંગ સેન્ટરના મંજુર થયેલ પ્લાન વિષે તેમજ તે શોપિંગમાં એલોટ થયેલ દુકાન હોલ્ડર તેમજ ફલેટ હોલ્ડરો તમામના નામ સરનામા તેમજ તમામ હોલ્ડરો ધ્વારા આજદિન સુધી કોણે કેટલી રકમ ભરપાઈ કરી તે વિશે અને ફાઈનલ પ્લોટ નં.૫૪ જેનો રેવન્યુ સર્વે નં.૨૭૫ કે જે નામે રામદેવ નગર તેમાં આવેલ પ્લોટ નં.૪ થી ૧૧ ના પ્લોટ હોલ્ડર ના નામ નગર પંચાયત દફતરે કઈ કઈ તારીખે ચઢ ાવવામાં આવેલ અને તેમના નામો ચઢાવવા માટે રજુ કરેલ પુરાવાઓની નકલ અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ના પત્ર નં. સા.ઝોન/અકણ/૬૬૧ તા.૨૧–૮–૦૮થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ ના પશ્ન નં.૧ થી ૪ ના કોઈપણ પશ્નની માહિતી આપેલ ન હોય તથા મુદ્દા નં.૨ માં જણાવેલ પશ્ન ૧ ની માહિતી ખોટી આપી હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૯–૦૮ ના રોજ ઉધનાઝોન ખાતે અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૯ તા.૨૫–૯–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને વિશેષ કોઈ માહિતી મળેલ નથી. પરંતુ અપીલ અરજીની તબદીલી સાથે અરજદારને પૂરી પાડેલ માહિતી પત્ર તા.૨૧–૮–૦૮ ની નકલ મોકલાવેલ છે. જે અનુસાર મુદ્દા નં.૧ ના ૧ થી ૪ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતું નથી. તથા મુદ્દા નં.૨ અંગે અરજદારે માંગેલ નગર પંચાયત દફતર સામે પાલિકા દફતરની માહિતી પૂરી પાડેલ જણાય છે. જયારે મુદ્દા નં.૧ ની માહિતી નહીં આપવા અંગે કે મુદ્દા નં.૨ ની માંગ્યા કરતાં અલગ માહિતી આપવા અંગે કોઈ અપવાદ કે વાજબીપણું દર્શાવેલ જણાતું નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૭–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની મુદ્દા નં. ૧ ના પ્રશ્ન નં. ૧ થી ૪ ની નહીં પૂરી પડાયેલ માહિતી તથા મુદ્દા નં.૨ માં જણાવેલ પ્રશ્ન નં.૧ ની માંગ્યા મુજબની દફતરી માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.......... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી શરદભાઈ એકનાથભાઈ સેલાર,